હરિ ૐ આશ્રમ પ્રેરિત



# ચાંદલિયાની ગાડી

ચંદ્રકાન્ત શેઠ

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

હરિ ૐ આશ્રમ-પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા : પુસ્તક એકવીસમું

# ચાંદલિયાની ગાડી

ચંદ્રકાન્ત શેઠ

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

પ્રકાશક : કુમારપાળ દેસાઈ,
મંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ,
અમદાવાદ-૩૮૦૦૦૯

© ચંદ્રકાન્ત શેઠ

પ્રથમ આવૃત્તિ, ૧૯૮૦

પ્રત : ૧૧૦૦

કિંમત રૂા. ૨-૨૫

આવરણ : રમેશ પારેખ

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ, અમદાવાદ-૩૮૦૦૦૧

# નિવેદન

કવિઓય બાળકો જેવા. બાળકો રમે રમકડે, કવિઓ રમે શબ્દ. શૈશવનો રસ, એની તાજગી જો કોઈક રીતે મોટપણેય અનુભવવી શક્ય બનતી હોય તો તે કલામાં – કવિતામાં. કવિઓ ને બાળકો વચ્ચે એક છૂપો પણ મજબૂત સોનેરી તાર ટકેલો છે. કવિતા લખવાની મજા છે જ, ને એમાંય બાળકો માટે કવિતા લખવાની તો કોઈ ઓર મજા છે. આ મજા તરફ મને પ્રેરવાનું – પ્રોત્સાહિત કરવાનું મધુર કાર્ય કર્યું વડીલ શ્રી મોહનભાઈ પટેલે, 'બાલભારતી' નિમિત્તે. એમને અહીં ઋણભાવે સ્મરીને આનંદ લઉં.

આ બાલકાવ્યોની ગુજરાતી સાહિત્ય પરિષદ માટેની પ્રકાશન-યોગ્યતા પ્રમાણી આપણા સન્માન્ય વિદ્વાન શ્રી રાવળસાહેબે. તેમનો અને તે સાથે ગુજરાતી સાહિત્ય પરિષદનો – મંત્રીત્રિપુટીનો અને પુસ્તકની માવજતમાં ઉમળકાથી સહાયક થવા માટે મુ. શ્રી જયંત કોઠારીનો તથા સુંદર આવરણ પ્રેમપૂર્વક કરી આપવા માટે કવિમિત્ર શ્રી રમેશ પારેખનોય સહર્ષ આભાર માનીને વિરમું.

જોઈએ, બાળકો હવે આ કાવ્યો કેમ ઝીલે છે તે.

૧૦-૬-૧૯૮૦ ચંદ્રકાન્ત શેઠ

# શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

## એકવીસમું પ્રકાશન

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્ય-ઘડતર કરે તેવાં બાલસાહિત્યના સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૧૨૦૦૦ નું દાન આપવામાં આવ્યું હતું. આનો હેતુ બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્‌ભાવ જેવા ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવા બાલસાહિત્યનું સર્જન કરવાનો રાખવામાં આવ્યો. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ, અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આંતરરાષ્ટ્રીય બાળવર્ષ નિમિત્તે આઠ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યાં. આજે આ ગ્રંથમાળાનું એકવીસમું પુસ્તક પ્રસિદ્ધ થઈ રહ્યું છે. ગુજરાતના પ્રસિદ્ધ કવિ શ્રી. ચંદ્રકાન્ત શેઠનાં બાળકાવ્યો 'આંદલિયાની ગાડી' બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ જે રીતે અમારાં પ્રકાશનોને આનંદથી સ્વીકાર્યાં છે, તે રીતે આ બાળ-કાવ્યના સંગ્રહને સ્વીકારશે તેવી અમને શ્રદ્ધા છે.

મંત્રીઓ

તા. ૯-૯-૧૯૮૦ ગુજરાતી સાહિત્ય પરિષદ

ટીકુ, નીતુ, સુરભા, પિન્કુ, મિકી, ભાવિક,
પૂર્વી, હિનેન, સોહમ્, ટીનુ, અમિત, અમિષા,
સમીર, હેમલ, જિજ્ઞા, વગેરે
બાલમિત્રોની દુનિયાને

## અનુક્રમણિકા


૧. કામ છે ! ૭
૨. રમવા ચાલ ૮
૩. સવાર છે ૯
૪. સોના જેવી સવાર ૯
૫. આવ રે વરસાદ ૧૧
૬. ફરફર આવ્યાં વાદળ ૧૨
૭. ઝરમર ઝરમર વરસું છું ૧૩
૮. કૂવામાં હું રહીશ નહીં ૧૪
૯. તો— ૧૫
૧૦. થાય ? ૧૬
૧૧. મા, મારી મુઠ્ઠી તો ખોલ ૧૭
૧૨. જો— ૧૮
૧૩. હરણું ૧૯
૧૪. હાથી ૨૦
૧૫. ઘોડે ચડીને આવું છું ૨૨
૧૬. કાળી બિલાડી ૨૫
૧૭. આવ્યાં અમે ૨૫
૧૮. ખિસકોલીબહેન ઊઠયાં ૨૭
૧૯. મારું બૅન્ડ ૨૯
૨૦. મોટર મારી આવે છે. ૩૦
૨૧. બંદા બનશે ૩૨
૨૨. દાદાજીનો હુક્કો ૩૩
૨૩. રાજી ને ફોઈબા ? ૩૫
૨૪. મા, મીઠું મીઠું પાણી ૩૭
૨૫. ફુવારે તું ૩૮
૨૬. દર્પણ ૩૯
૨૭. પાણી લાવો પાણી ૪૦
૨૮. સમજણ તે આપણા બેની ૪૧
૨૯. બંધ હવે કર્યાય ના રહું ૪૨
૩૦. હું તો ચાલું મારી જેમ ૪૩
૩૧. રે આપણે ૪૪
૩૨. આંક ...૪૫
૩૩. કક્કાની ટોળી ૪૫
૩૪. એનઘેન દીવાઘેન ૪૮

# કામ છે !

અમથી અમથી ગાતી જઉં : કામ છે !
અમથી અમથી નાચી લઉં : કામ છે !
ફૂલને અડતી ફરી ફરી : કામ છે !
પતંગિયામાં મળી પરી : કામ છે !
જલને રેલે વહેતી જઉં : કામ છે !
વાદળને કંઈ કહેતી જઉં : કામ છે !
બેઠી બેઠી દેખું પહાડ : કામ છે !
સૂતી સૂતી દેખું આભ : કામ છે !
હવા અડે ને પીછું થઉં : કામ છે !
ટૌકો સુણતાં પંખી થઉં : કામ છે !
કીડી કહે છે : સાથે ચાલ : કામ છે !
ચાંદો કહે : ચાંદરણાં ઝાલ : કામ છે !
અમથી અમથી હસ્યાં કરું : કામ છે !
અમથી અમથી રડયાં કરું : કામ છે !
અમથી અમથી ભૂલી પડું : કામ છે !
અમથી અમથી જડયાં કરું : કામ છે !



## રમવા ચાલ

સૂરજ ઊગ્યો : રમવા ચાલ.
તડકો ઊતર્યો : રમવા ચાલ.
પંખી ઊઠ્યાં : રમવા ચાલ.
ફૂલો ઊઘડ્યાં : રમવા ચાલ.
રસ્તા જાગ્યા : રમવા ચાલ.
પગલાં ભાગ્યાં : રમવા ચાલ.
પવન પૂછતો : શું છે ખ્યાલ?
હજી સૂતો છે? રમવા ચાલ.
રમવા ચાલ : રમવા ચાલ.
દુનિયા સાથે : રમવા ચાલ.

# સવાર છે

પંખી, પંખી, ગાતાં કેમ? સવાર છે.
ફૂલ, તમે સૌ હસતાં કેમ? સવાર છે.
ઝાકળ, આંખો ખોલો કેમ? સવાર છે.
વાદળ, રંગો પહેરો કેમ? સવાર છે.
લ્હેરખડી, તું લળતી કેમ? સવાર છે.
વાટ, ગુલાબી બનતી કેમ? સવાર છે.
સૂરજ વહાલો લાગે કેમ? સવાર છે.
દુનિયા મીઠી લાગે કેમ? સવાર છે.



# સોના જેવી સવાર

ભરી ભરીને સવાર પીધી,
સોના જેવી સવાર છે જી.
ફૂલ ફૂલને પીવા દીધી,
સોના જેવી સવાર છે જી.

પાનપાનમાં ટશરે ચમકી,
સોના જેવી સવાર છે જી.
ટહુકે ટહુકે ચોગમ રણકી,
સોના જેવી સવાર છે જી.
ક્યાંક કમળ-સરવરમાં ચમકી,
સોના જેવી સવાર છે જી.
પનઘટ પર બેડામાં ઝબકી,
સોના જેવી સવાર છે જી.
મોરપિચ્છમાં ફરફર ફરકી,
સોના જેવી સવાર છે જી.
રાતી હથેલીઓમાં છલકી,
સોના જેવી સવાર છે જી.
વાદળ વાદળ રંગે ઢળતી,
સોના જેવી સવાર છે જી.
પતંગિયાની પાંખે લળતી,
સોના જેવી સવાર છે જી.
માટીના કણકણમાં ગહેકી,
સોના જેવી સવાર છે જી.
તડકામાં તાજપથી મહેકી,
સોના જેવી સવાર છે જી.

હસતાં હસતાં મનમાં ઊગી,
સોના જેવી સવાર છે જી.
રમતાં રમતાં ઘરમાં પૂગી,
સોના જેવી સવાર છે જી.

## આવ રે વરસાદ

આવ રે વરસાદ,
લાવ રે પરસાદ.
પરસાદ ખાઈ લઉં,
હોડી નાની લઈ જઉં,
વ્હેળે વ્હેળે સરું,
એ ઝરણાને મળું,
ઝરણામાં છે ઝાંઝર,
પ્હેરીને જઈશ આગળ,
આગળ મળશે નદી,
વાતો કરશે બધી,

હોડી મારી છોટી,
દરિયો માયા મોટી.
નદી તેડી જશે,
દરિયો જહીં હશે.
એ દરિયાને જોશે,
હોડી જ્યારે હાંશે,
એવી થશે ખડી,
કે જશે અભે અડી.
દરિયો ત્યારે ડરી ડરી દૂર દૂર ભાગશે,
વાદળાના શઢ મારી હોડલી ઉઘાડશે.



## ફરફર આવ્યાં વાદળ

ફરફર આવ્યાં વાદળ રે
આવ્યાં ફરફર વાદળ;
ફરકે પાંપણુ ભીની રે
ઝરમર વરસ્યાં વાદળ.

ઝળહળ ઝબકે વીજળી રે
ઝબકે ઝળહળ વીજળી;
ચમકે આંખો નમણી રે
ઝબકે ઝીણી વીજળી.
રૂમઝૂમ રમતા આવ્યા રે
પનઘટ રૂમઝૂમ રમતા;
હેલ હૃદયની છલકી રે
છલકી હેલ હૃદયની.
લીલાં ખેતર ખીલ્યાં રે
ખીલ્યાં ખેતર લીલાં;
ઘૂમો ઘુઘરિયાળાં રે
ઘૂમો સૌ હરિયાળાં.

## ઝરમર ઝરમર વરસું છું....

ઝરમર ઝરમર વરસું છું, વાદળ છું.
ઝળહળ ઝળહળ ઝળકું છું, ઝાકળ છું.
ફડ ફડ ફડ ફડ ઊડું છું, પંખી છું.
ભડ ભડ ભડ ભડ સળગું છું, હોળી છું.

સર સર સર સર સરકું છું, ઢાળ છે.
થર થર થર થર થથરું છું, ટાઢ છે.
છલક છલક રસ છલકું છું, સવાર છે.
મરક મરક હું મલકું છું, બહાર છે.
ખડ ખડ ખડ ખડ ખખડું છું, ખોળી છું.
ગડ ગડ ગડ ગડ ગગડું છું, ગોળી છું.
મઘ મઘ મઘ મઘ મહેકું છું, ફૂલ છું.
ઝગમગ ઝગમગ ઝબકું છું, રાત છું.
ટગર ટગર હું તાકું છું, પ્યારું છે.
થનક થનક થેઈ નાચું છું, સારું છે.

## કૂવામાં હું રહીશ નહીં

કૂવામાં હું રહીશ નહીં,
કોઈ હવાડે જઈશ નહીં,
રણને મારું કામ નથી.
પથ્થરમાં આરામ નથી.

હું તો મારે આભે જઈશ.
નાનું ધોળું વાદળ થઈશ.
વાદળ થઈને નીચે સરું,
ખેતરને મોતીડે ભરું,
ખેતરમાં મોતીના મોલ,
ધરતીના વ્હાલપની છોળ,
એની છાલક અડશે જ્યાં,
શરદપૂનમ રમવાની ત્યાં.

## તો –

વેંત વધું તો આભે જઉં,
વેંત ઘટું તો દરિયો થઉં.
આભે જઉં તો ચાંદો થઉં,
દરિયો થઉં તો મોતી દઉં.
ચાંદો થઉં તો સૌનો થઉં,
મોતી દઉં તો સૌને દઉં.



## થાય ?

તડકાનું મા ઝભલું થાય?
ચાંદરણાની ચાદર થાય?

વાદળના આ પોલ ઘણા;
એમાંથી શું તાર વણાય?

ઝાકળ અમને ઘણું ગમે;
એનાં તગતગ મોતી થાય?

ભૂરું ભૂરું આભ ગમે;
આભ અમારી આંખો થાય?

ઝરણું રૂમઝૂમ ઝણુકે છે;
એ ઝરણાનું ઝાંઝર થાય?

સરવર મીઠું ચમકે છે;
એ ચમકારે સવાર થાય?



## મા, મારી મુઠ્ઠી તો ખોલ

મા પીળું પતંગિયું થાઉં,
મા, ફૂલ ફૂલ બેસું ને ગાઉં.

મા, વાયરામાં વેરું હું મન,
મા, ડાળ ડાળ હિલ્લોળા ખાઉં.

મા, પહોળા પસારીને હાથ,
પણે વાદળામાં પથરાતો જાઉં.

મા, હરણાંની ચાલીને ચાલ,
ઓલા ચાંદાની ગોદમાં લપાઉં.

મા, મારી મુઠ્ઠી તો ખોલ,
તારે જોવું જે હોય તે બતાવું.

## જો –

નાની નાની નારંગી;
નારંગી જો જાડી થાય,
રાતો આભે ચાંદો થાય.

હળવા હળવા રૂના પોલ,
પોલ ઊડતા આભે જાય,
ધોળાં ધોળાં વાદળ થાય.

તડ તડ તડ જો તણખા થાય;
એ તણખા જો આભે જાય,
આભે તગ તગ તારા થાય.

બાળકના હસવાની છોળ;
ઊડી ઊડી જો નભ જાય,
ગુલાબી ગુલાબી સવાર થાય.

# હરણું

નાજુક નમણું હરણું છે,
ખીલતું ખૂલતું સમણું છે,
ચંચળ કો ચાંદરણું છે,
ભમતું ભમતું ઝરણું છે.

હરિયાળીમાં હરેફરે,
કૂણો તડકો-ઘાસ ચરે,
એને જોતાં થાય મને કે
પગમાં ઘૂઘરી બાંધું,
એની કોમળ-મખમલ ડોકે
રૂપા-ઘંટડી બાંધું.

સાવ સુંવાળી રેશમ કાય,
શિંગડીઓ સોનાની થાવ!
પગમાં ચંચલ ચાલ પવનની
કસ્તૂરીથી મઘમઘ થાવ!
ચાંદરણું, તારા ને પવન;
ઊતરી આવ્યાં થૈને હરણ.

મૃગજલ, હરણાં, પીશો નહીં;
અમથાં અમથાં બીશો નહીં;
મૃગયા રમશે કોઈ નહીં;
છળશે કોઈ બીન નહીં;
નાચો, કૂદો ગેલ કરો;
રોજ નવા કંઈ ખેલ કરો;
લીલો કૂણો ચારો દઈશ;
મીઠાં મીઠાં પાણી દઈશ;
છુટ્ટું બહુ ફરવાનું દઈશ.
હરણ, મને બસ, લાવી દેજો ચાંદલિયાની ગાડી;
હરણ, મને ઠેકાવી દેજો અંધકારની ખાડી.

## હાથી

લાંબા લાંબા પ્હાડ જેવા, મોટા મોટા માઢ જેવા,
કાળા કાળા વાળ જેવા, જાડા જાડા ઝાડ જેવા;
આજે તો બજારમાં મેં હાથી જોયા હાથી;
બાવાની જમાતમાં મેં હાથી જોયા હાથી.

પગ જાણે થાંભલા, કાન જાણે સૂપડાં,
પૂંછ જાણે દોરડી, પેટ પહોળી ઓરડી.

લાંબી વાંકી દૂધી જેવા બહાર છે બે દાંત,
એ જ દંતૂશળ, જાણો એ જ હાથીદાંત

એ જ હાથીદાંતની ઘડાતી શુભ ચૂડી,
કોતરીને હાથીદાંત ચીજ થાય રૂડી.

મોંઘોદાટ હાથીદાંત, મોંઘોદાટ હાથી;
જીવતા જે લાખ, સવાલાખનો મર્યાથી.

આજે પ્રાણીબાગમાં મેં હાથી જોયો હાથી,
ગંજી ઘાસપાલો ખાતો હાથી જોયો હાથી.

પગમાં છે ઘૂઘરા ને ચીતરેલી કાયા,
પીઠે છે અંબાડી એમાં બેસે રાણીરાયા.

ડોલતો એ ચાલે એની શોભતી સવારી,
દશેરાને દિન એની વાત છેક ન્યારી!

સૂંઢ જાણે ઊંટિયો, તોતિંગ ઝાડ તાણે,
એ જ સૂંઢ ફૂલને ઉપાડવાનું જાણે!

મહાવતનો અંકુશ તો છે વેંતનો જ સળિયો,
એના વશમાં વર્તે કેવો હાથી મહાન બળિયો!

આજે તો સરકસમાં મોટો હાથી જોયો હાથી,
જાતભાતના ખેલ કરંતો હાથી જોયો હાથી.
ગણેશનું મસ્તક હાથીનું, લક્ષ્મી પાસે હાથી,
સાત સૂંઢાળો ઐરાવત તે ઇન્દ્રરાજનો હાથી !
સપનામાં મેં સફેદ રૂડો હાથી જોયો હાથી,
અંકુશ રાખી મેંય ચલાવ્યો હાથી જેવો હાથી !

## ઘોડે ચડીને આવું છું

ધોળા ઘોડા, કાળા ઘોડા,
રાતા ને રેવાલી ઘોડા,
મોટા ઘોડા, છોટા ઘોડા,
સોનપરીના ઊડતા ઘોડા,
હણહણતા હોંશીલા ઘોડા,
તરવરતા તેજીલા ઘોડા,
પુચ્છે લાંબા વાળ, ઘોડા,
કેશવાળી ઝાળ, ઘોડા,

ટૂંકા ટૂંકા કાન, ઘોડા,
ફૂંગરાતાં નાક, ઘોડા,
ખરીએ ખખડે નાળ, ઘોડા,
પીઠે જીન કમાલ ઘોડા,

પાંખ નહીં, પણ પંખાળા,
આંખો ઝગમગ અંગારા,

ગાડી ખેંચે, ખેંચે રથ,
ખેંચે ટ્રામ, ખેંચે હળ,


સરઘસમાં ચાલે છે ઘોડા,
વરઘોડામાં મ્હાલે ઘોડા,

સરકસમાં થનગનતા ઘોડા,
યુદ્ધ મહીં ધસમસતા ઘોડા,
તીખા ને તોરીલા ઘોડા
ઘોડા ... ઘોડા ... ઘોડા ... ઘોડા.

ઘાસ ખાજે,
ચંદી ખાજે,
મેદાનોમાં ફરવા જાજે.

કોઈ દિવસ તો અમને લઈને
ડુંગરા કુદાવજો,
દરિયા તે ઠેકાવજો,
જંગલમાં ઘુમાવજો,
આભમાં પુગાડજો,

સાહસ ઝાઝાં કરવાં છે.
દુનિયામાં બહુ ફરવાં છે.
ચલ રે ઘોડા, ઝટપટ ઝટપટ,
તબડક ઘોડા, તબડક તબડક...
બા, બાપુજી, આઘાં ખસો,
દાદા, દાદી, આઘાં ખસો,
ઘોડે ચડીને આવું છું,
દુનિયા સાથે લાવું છું,
આવ્યો સૂરજનીયે મોર,
દાદાજી, વહેંચોને ગોળ!



# કાળી બિલાડી

કાળી બિલાડી રોજ ફરવાને આવતી
ફરવાને આવતી ને અંધારું લાવતી
અંધારું લાવતી ને આંખડીમાં વાવતી
આંખડીમાં વાવતી ને નીંદર મ્હોરાવતી
નીંદર મ્હોરાવતી ને સપનાં ફોરાવતી
સપનાં ફોરાવતી ને તારા તણખાવતી,
તારા તણખાવતી ને આભમાં બતાવતી
આભમાં બતાવતી ને અમને હસાવતી
કાળી બિલાડી રોજ રમવાને આવતી

# આવ્યાં અમે

ડ્રાંઉં ડ્રાંઉં દેડકાં, આવ્યાં અમે;
કૂદવાનો દાવ તે બતાવો તમે.
મ્યાઉં મ્યાઉં બિલ્લી, આવ્યાં અમે;
ચાતુરી ચાલ તે બતાવો તમે.

ઘૂ ઘૂ કબૂતર, આવ્યાં અમે;
મોટભાઈ ભોળા બતાવો તમે.

ચીં ચીં આ ચકલી, આવ્યાં અમે;
કજિયાળી કાકી બતાવો તમે.

બેં બેં આ બકરી, આવ્યાં અમે;
બીકણુની પૂંછડી બતાવો તમે.

હાઉવાઉ ડાઘિયા, આવ્યાં અમે;
આપણાં છે કોણ તે બતાવો તમે.

કૂકડે રે કૂક, કોણ? કૂકડા તમે?!
રમવા સમયસર આવ્યાં અમે.

કીડી કે બાઈ, નહીં બોલ્યાં તમે,
તમને પણ રમવામાં રાખશું અમે

# ખિસકોલીબહેન ઊઠયાં....

ખિસકોલીબહેન ઊઠયાં,
ઊઠયાં એવાં રૂઠયાં !
પીએ નહીં પાણી,
ખાય નહીં ધાણી,

સેન્ડલ પગમાં પ્હેરે નહીં,
ડગલું આગળ મેલે નહીં.
નિશાળનો તો વાગ્યો ઘંટ,
નહીં એમનો છૂટે તંત.
આંબાભાઈ તો કેરી લાવ્યા,
ખિસકોલીબહેન : ઊંહું.

પીપળાભાઈ તો કૂંપળ લાવ્યા,
ખિસકોલીબહેન : ઊંહું.

રાયણરાયા રાયણ લાવ્યા,
એ જ એમનું ઊંહું.

વડદાદા બહુ ટેટા લાવ્યા,
ઊંહું કેવળ ઊંહું.

છેવટ આવ્યા લીમડાભાઈ,
નવલી લાવ્યા એક નવાઈ.

મુઠ્ઠી જેવી ખોલી,
દેખી એક લીંબોળી.

રીસ બધી ઝટ છોડી,
ખિસકોલી લીંબોળી લેવા
ઠેક મારતી દોડી.

હસતાં રમતાં લીંબોળી લઈ
ખભે લગાવી દફ્તર,
લટકેમટકે ખિસકોલીબહેન
લેવા ચાલ્યાં ભણતર.

## મારું બૅન્ડ

દેખો મારું બૅન્ડ,
એમાં ઘણા ફ્રૅન્ડ;
પહેલા મારા હાથીભાઈ,
પડઘમ ગજાવતા;
બીજા મારા બકરાભાઈ,
બ્યૂગલ બજાવતા;
ત્રીજા મારા તેતરભાઈ,
ખંજરી ખણકાવતા;
ચોથા મારા ઊંટભાઈ,
પિપૂડી વગાડતા;
પાંચમા તે પાડાભાઈ,
ઢોલક ઢમકાવતા;
છઠ્ઠા મારા ઘોડાભાઈ,
તબડક તાલ પુરાવતા;

સાતમા તે સસ્સાભાઈ,
સરગમ સૂર ચગાવતા,
આઠમા તે ઉંદરભાઈ,
ચૂં ચૂં તાંત ચલાવતા;
નવમા મારા મોરભાઈ,
થેઈ થેઈ નચાવતા;
દસમા ચાલે દેડકભાઇ,
ત્રાંસાને ત્રમકાવતા.
એક ભાઈ અગિયારે આવે,
બીજો બારમે છેલ્લો;
આ ગીત મારું કહે–સાંભળે
નામ એમનાં મેલો.
બાર ભાઈનું આવું બૅન્ડ,
જે બોલાવે તેનું ફ્રેન્ડ!



# મોટર મારી આવે છે

આઘા ખસો ભાઈ, આઘા ખસો;
મોટર મારી આવે છે.
ભાં ભાં પી પી આવે છે.

આમ જુઓ તો શાંત ઘણી,
ધુમાડી પણ જૂજ ઘણી.
જલના રેલા સમી સરે,
કોઈ ન ભડકે એમ ફરે,

ખાલી પાછળ સીટ પડી,
આવો દોસ્તો, જાવ ચડી.
ભાડું ના ભઈ, લેવું કંઈ,
મજા કરીશું અહીંતહીં જઈ.

ભાં ભાં પી પી... ભાં ભાં પી પી...
આઘા ખસો ભાઈ, ભાં ભાં પી પી...

મોટર મારી ઝડપી છે,
લીલી સામે બત્તી છે,
ખોટી ઊભી ન રહેવાની,
એ મારેની સ્હેલાણી:

વાટ જોશે, ઘાટ જોશે,
મહેલ ને મિનારા જોશે,
બાગ ને બગીચા જોશે,
કુદરતનાં કંઈ કામ જોશે,
જોતાં એને થાક નહીં,
કોઈ વળી ફરિયાદ નહીં;
થોડું પીશે પેટ્રોલ ને થોડું પીશે પાણી;
તાજી થઈને, તેડી અમને, પાછી વળશે રાણી.

## બંદા બનશે

લાંબી લાંબી અક્કડ મૂછો,
લાંબી સફેદ દાઢી,
બંદા ફકીર બનવા માગે,
કફની આપો કાઢી.
ગોળ પાઘડી માથે રાતી,
ગોળ ફૂલેલું પેટ,
લાંબો ડગલો લાવી દો તો,
બંદા બનશે શેઠ.

પોપટ જેવું નાક વાંકડું,
ઈંડા સરખી આંખો;
બંદા બનશે જોકર જોલી,
સરકસમાં જે રાખો.
લાંબી લાંબી લાકડી ને
ટૂંકો પહેર્યો કચ્છ;
બંદા બનશે ગાંધી બાપુ,
હોય બધું જે સ્વચ્છ.

❀

## દાદાજીનો હુક્કો

ગ...ડ ગ...ડ બોલે છે દાદાજીનો હુક્કો!
વાત મજાની બોલે છે દાદાજીનો હુક્કો!
દાદાજી તો આવ્યા છે,
વાત-ખજાનો લાવ્યા છે!
"દાદા, દાદા, વાત કરો."
દાદા કહે: "તો હુક્કો ભરો!"
હુક્કાનું છે પોલું પેટ, એમાં પાણી ભરી દીધું;
ધગધગતા અંગારા ઓરી, મુખ ચલમનું બંધ કીધું;

અંગારાના તળિયે મૂકી, એક ગડાકુગોટી;
દાદા કહે "'લ્યા, નાળ લગાડો, હવે કરો ના ખોટી!"

દાદાજીને દીધો હુક્કો, નાળ લગાડી હોઠે,
ગડ ગડ ગડ ગડ હુક્કો બોલે, વાત ચગી છે ગોટે!

એક હતો રાજા ... ગડ ગડ ગડ ગડ ...
એને તો બે રાણી ... ગડ ગડ ગડ ગડ ...
એક રાણી માનીતી ... ગડ ગડ ગડ ગડ ...
બીજી તે અણમાનીતી ... ગડ ગડ ગડ ગડ ...

દાદાજીનું ગડ ગડ ગગડે ... ...
વાત-ભરેલું ગાડું ગબડે ... ...

સોનપરીના દેશ આવતા,
સાત રંગના પુલ આવતા,
તારાઓના દીપ આવતા,
નભગંગાના દ્વીપ આવતા,
આવે ફૂટડા રાજકુમારો,
આવે ચાંદાની વણજારો.

નીંદર રાણી આવે છે ... ગડ ગડ ગડ ગડ ...
સપનાં આંખે આંજે છે ... ગડ ગડ ગડ ગડ ...

દાદાજી તો હસતા જાય,
ગડ ગડ હુક્કો પીતા જાય,
મીઠી વાતો કહેતા જાય ...
રાત રૂપાળી કરતા જાય ...
ગડ ગડ ગડ ગડ ...

## રાજી ને ફોઈબા ?

દાળ દઉં,
ભાત દઉં,
ઉપરથી બે શાક દઉં
પાપડ ને અથાણાં દઉં
ખાશો ને છોકરાં?

દાળ ખાશે ડોશી,
ભાત ખાશે ભાભી,
પાપડ ખાશે પિતાજી ને
કાકા શાક–કાકડી

અમે તમારાં લાડકાં,

અમને દેજો લાડુ
દેશો ને ફોઈબા?

ગોળ દઈશ,
ઘી દઈશ,
પિસ્તાં ને બદામ દઈશ,
મોટા મોટા લાડુ દઈશ,
કરશો ના કંઈ આડું,
તો રોજેરોજ જમાડું;
જમશો ને છોકરાં?

ગોળ જેવાં ફોઈબા,
કરશું ના કંઈ આડું;
રોજ કરી તૈયાર રાખજો
મસ્ત ચકાચક લાડુ,
જમવા આખી ફોજ આવશે
કુઆનું લઈ ગાડું.
રાજી ને ફોઈબા?

# મા, મીઠું મીઠું પાણી

મા, મીઠું મીઠું પાણી,
જેવી તારી વાણી!

તરસ્યાને મા પાણી પાઉં,
મનમાં રાજી રાજી થાઉં.

મા, પાણી લાગે પ્યારું,
જેવું હૈયું તારું!

એમાં રહીશ હું તરબોળ,
કર્યા કરીશ મા, બહુ કલ્લોલ.

મા, પાણી જાણે કાચ,
સંતોનું જેમ સાચ!

સાકર જેવા થૈને રહીએ.
પાણીમાં મા, ભળતા જઈએ.

મા, કોઈ પીએ જો પાણી,
મધુરમ રૂહેશે માણી;
મા, મીઠાં પાણી થઈએ રે,
સૌને લીલાં કરીએ રે.

# ફુવારે તું

ફુવારે સાત સાત રંગો ઊડે,
મા, ફુવારે તું.

ડાળ ડાળ પંખીનાં ગાણું ઝૂલે,
મા, પંખીમાં તું.

દરિયાના મોજાંમાં લ્હેરાતું આભ,
મા, મોજાંમાં તું.

ઝમ ઝમ ઝરણામાં ઝમતી મીઠાશ,
મા, ઝરણામાં તું.

હૂંફાળા તડકામાં ઊઘડ્યું ગુલાબ,
મા, તડકામાં તું.

ચાંદનીમાં આવીને પસવારે હાથ,
મા, ચાંદલિયે તું.

આંખ મહીં નીંદ મને આવે,
કે હાલરડે હિલ્લોળે તું.

મા, મને એકલું ન ફાવે,
કે સોણલામાં કલ્લોલે તું.

# દઈશ

ચકલી તે ચાંચ મહીં લાવી તણુખલું,
નીડ એને બાંધવા દઈશ;
કાગડોય લાવ્યો છે પૂરીનું બટકું,
નિરાંતે ખાવા હું દઈશ.

નાની આ બાલદી, પાણીભરેલ છે,
કાબરને ના'વા હું દઈશ;
પેલી અટારીએ બેસે જો પોપટો,
મીઠું મીઠું બોલવાનું કહીશ.

ગાદલું પડ્યું છે આ પ્હોળા પલંગમાં,
બિલ્લીને પોઢવા હું દઈશ;
મારી સંગાથ પેલા ડાઘિયાને તેડીને,
બાગ મહીં ફરવાને જઈશ.

મારા જો આંગણામાં ગાવલડી આવશે,
મમ્મીની લાડુલી દઈશ;
કોઈ રે મદારી જો રીંછ લઈ આવશે,
પપ્પાના પાવલી હું દઈશ.

# પાણી લાવો પાણી

પાણી લાવો પાણી;
કૂવા ખોદી દઈએ રે,
ચાલો રે છોકરાં.

પાણી લાવો પાણી;
તળાવ ઊંડાં કરીએ રે,
ચાલો રે છોકરાં.

પાણી લાવો પાણી;
સરવર બાંધી દઈએ રે,
ચાલો રે છોકરાં.

પાણી લાવો પાણી;
દરિયા ખાલી દઈએ રે,
ચાલો રે છોકરાં.

પાણી લાવો પાણી;
વાદળ છુટ્ટાં કરીએ રે,
ચાલો રે છોકરાં.



## સમજણ તે આપણા બેની

તારી તે હોડી ને મારાં હલેસાં છે,
દરિયો તે આપણા બેનો;
તારી તે ગાડી ને મારા છે ઘોડલા,
રસ્તો તે આપણા બેનો.

તારા બળદ અને મારાં હળલાકડાં,
ખેતર તે આપણા બેનું;
તારો તે ચાંદલો ને મારો સૂરજ છે,
આખું નભ આપણા બેનું.

તારી તે વાટ અને મારું છે તેલ મહીં,
જ્યોતિ તે આપણા બેની;
તારું છે ફૂલ અને મારું પતંગિયું,
મધુરપ તે આપણા બેની.

# બંધ હવે ક્યાંય ના રહું

મારે ઘણું ઘણું અજવાળે જોવું,
હું અંધારે નહિ રે રહું;
મારે ઘણું ઘણું તારલાને કહેવું,
હું નીંદરમાં નહિ રે રહું.

મારો પ્હાડો પર કરવા મુકામ,
ઉંબર પરે નહિ રે રહું;
મારે ખૂબ ખૂબ કરવાં છે કામ,
હું બેઠેલો નહિ રે રહું.

મને બોલાવે રસ્તાના લોક,
ઘેર હવે નહિ રે રહું;
મને તેડાવે રમવાને કોક,
રિસાયો હું નહિ રે રહું.

મારે ઘણું ઘણું દોસ્તોને દેવું,
હું ખાલીખમ નહિ રે રહું.
મારે ઘણું ઘણું સઘળેથી લેવું,
હું બંધ હવે ક્યાંય ના રહું.

# હું તો ચાલું મારી જેમ

પપ્પા ચાલે સાવજ જેમ,
કાકા ચાલે કૂકડા જેમ,
મમ્મી ચાલે ઝરમર જેમ,
હું તો ચાલું મારી જેમ!
મામા ચાલે હાથી જેમ,
માસા ચાલે મર્કટ જેમ,
બાંધવ ચાલે કલકલ જેમ,
હું તો ચાલું મારી જેમ.
ઉમેશ ચાલે ઊંટની જેમ,
સુરેશ ચાલે સસલા જેમ,
બહેની ચાલે ફરફર જેમ,
હું તો ચાલું મારી જેમ.
બીના ચાલે બિલ્લી જેમ,
હીરા ચાલે હંસી જેમ,
ઈશ્વર ચાલે સૌની જેમ,
હું તો ચાલું મારી જેમ.



# રે આપણે

દૂર દૂર ડુંગરા ચડીએ રે આપણે
ઊંડાયે સમદર સૌ તરીએ રે આપણે
વગડાની વાટોને ખૂંદીએ રે આપણે
ડાળ ડાળ ઝૂલીએ ને કૂદીએ રે આપણે
કોયલ ટહુકાવે તો ટહુકીશું આપણે
વાદળ નવડાવે તો ન્હાશું રે આપણે
ચાંદો રમાડે તો રમશું રે આપણે
ધરતી જમાડે તો જમશું રે આપણે
સૂરજના સાત રંગ વણશું રે આપણે
રેતીના મહેલ રોજ ચણશું રે આપણે
તારાના પલકારા ગણશું રે આપણે
દાદાની જેમ ખૂબ ભણશું રે આપણે

## આંક

એકડે એક, રાખ સારી ટેક.
બગડે બે, સૌને સુખ દે.
ત્રગડે ત્રણ, સૌને દોસ્ત ગણ.
ચોગડે ચાર, સારું તે સ્વીકાર.
પાંચડે પાંચ, સાચને ના આંચ.
છગડે છ, બધું કર સ્વચ્છ.
સાતડે સાત, આડી છોડ વાત.
આઠડે આઠ, પઢ દુનિયાના પાઠ.
નવડે નવ, સુંદરતા કેળવ.
એકડે મીંડે દસ, હસાય તેટલું હસ.

## કક્કાની ટોળી

કક્કો કંજૂસ કોઢિયો
ખખ્ખો ખસિયલ ખોડિયો
ગગ્ગો તે ગધ્ધાની જાત
ઘરના ઘની છોડો વાત

ચ ચચ્ચાનો ચાડિયો
છત્રીમાં છ છાંડિયો
જનું જમરૂખ કાચું કચ્ચ
ઝનું ઝભલું ટૂંકું ટચ્ચ
ટનો ટગમગ ટાંટિયો
ઠ તે ઠાલો ઠાંસિયો
ડગલાનો ડ મોટો છે
ઢગલાનો ઢ ખોટો છે
તનો તરાપો તૂટેલો
થડિયાનો થ ઊખડેલો
દરિયામાં દ ડૂબતો છે
ધોધ મહીં ધ ધ્રૂજતો છે
ન નન્નાનો નડ્યા કરે
પનો પડઘો પડ્યા કરે
ફ ફુલણજી ફફડે છે
બેવકૂફ બ બબડે છે
ભનો ભમરડો ભમે નહીં
માવડિયો મ રમે નહીં

યમ જેવો ય ડરી ગયો
રાજા થઈ ર ફરી ગયો
લ લાડકડો લટકે છે
વણજારો વ વટકે છે
શનું શકોરું આગળ છે
ધનુષનો ષ પાછળ છે
સગડીમાં સ સળગે છે
હ હાથીને હડપે છે
ળ નળેથી ગયો વહી.
ઙ, ઞ, ત્રણ ગણ્યા નહીં
વળી જોડાક્ષર જાણો ક્ષ
અમથા આવે એ ને જ્ઞ
આ ટોળી કક્કાની થઈ
સોબત એની સારી નહીં !



# એનઘેન દીવાઘેન

એનઘેન દીવાઘેન,
આંખો મીંચો, કોનું કહેણ ?
કહેણ મારી માતનું :
ખૂબ ખૂબ ભણ,
સૌનો સાથી બન.

એનઘેન દીવાઘેન,
આંખો મીંચો, કોનું કહેણ ?
કહેણ મારા તાતનું :
ખૂબ કામ કર.
સૌનું દુઃખ હર.

એનઘેન દીવાઘેન,
આંખો મીંચો, કોનું કહેણ ?
કહેણ મારા ગામનું :
ગામનો તું જણ,
સૌને કાજ ભણ.

એનઘેન દીવાઘેન,
આંખો મીંચો, કોનું કહેણ ?
કહેણ મારી માંહ્યનું :
દુનિયામાં રમ,
ઘેર આવી જમ.

નીચેની પંક્તિઓ આ રીતે વાંચશો :

| | |
|---|---|
| પૃ. ૧૨ | કે જશે આભે અડી. |
| પૃ. ૨૧ | જીવતો જો લાખ, સવા લાખનો મર્યાથી. |
| પૃ. ૩૭ | મધુરપ રહેશે માણી; |
| પૃ. ૩૯ | પપ્પાની પાવલી હું દઈશ. |
| પૃ. ૪૭ | ઙ, ઞ, ણ ત્રણ ગણ્યા નહીં. |